e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 351
February 07, 2014

## "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ – ૨૦૧૪"

સુરત મહાનગરપાલિકા દ્વારા મેયરશ્રીની ટીમ, કમિશ્નરશ્રીની ટીમ, કલેકટરશ્રીની ટીમ, પોલીસ કમિશનરશ્રીની ટીમ, સુરત શહેર પત્રકારસંઘની ટીમ, પ્રેસ કલબ ઓફ એસ.એમ.સીની ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર/ચેનલની ટીમ, મળી કુલ–૭ ટીમો વચ્ચે "મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"નું આયોજન તા.૩ થી ૫ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ મેદાન, ઉધના–મગદલ્લા રોડ, સુરત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી બાબત

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૧/૦૨/૨૦૧૪ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ડે.ઈજનેર તથા જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પુર્વ(વરાછા) ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૬ (કાપોદ્રા), દ.ગુ.વિજ.કંા. પાસે રીઝર્વેશન હેઠળનો ફા. પ્લોટ નં. ૫૧ અને ૫૨ કેનાલ પૈકી સંપાદીત ફા. પ્લોટ નં. ૪૩ તથા ૧૨.૦૦ મી. રસ્તા ઉપર આવેલ જવાહરનગર ઝુંપડપટ્ટી શીફટીંગ બાબત

પુર્વ(વરાછા) ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૬ (કાપોદ્રા), દ.ગુ.વિજ.કંા. પાસે રીઝર્વેશન હેઠળનો ફા. પ્લોટ નં. ૫૧ અને ૫૨ કેનાલ પૈકી સંપાદીત ફા. પ્લોટ નં.૪૩ તથા ૧૨.૦૦ મી. રસ્તા ઉપર આવેલ જવાહરનગર ઝુંપડપટ્ટીમાં ટી.પી. સ્કીમના અમલીકરણના ભાગરૂપે કુલ ૩૦ નંગ કાચા/પાકા ઝુંપડાઓનું ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "મેયરકપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪" :–

સુરત મહાનગરપાલિકા દ્વારા મેયરશ્રીની ટીમ, કમિશ્નરશ્રીની ટીમ, કલેકટરશ્રીની ટીમ, પોલીસ કમિશનરશ્રીની ટીમ, સુરત શહેર પત્રકારસંઘની ટીમ, પ્રેસ કલબ ઓફ એસ.એમ.સીની ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર/ચેનલની ટીમ, મળી કુલ–૭ ટીમો વચ્ચે M.D.'S LANDMARK, શ્રી માધવજી પટેલના સૌજન્યથી "મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"નું આયોજન તા.૩ થી ૫ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ મેદાને...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા) ઝોનની કામગીરી બાબત

પૂર્વ(વરાછા) ઝોનમાં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૧૨(પુણા)માં ભૈયાનગર નજીક લક્ષ્મીનગર સોસાયટી પાસેથી પસાર થતાં ૧૨.૦૦ મી.ના (બ્લોક નં. ૮૧૬ થી ૮૧૩)રસ્તાનો કબજો મેળવી ૪૧૩૦૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "મેયરકપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"



સુરત મહાનગરપાલિકા દ્વારા મેયરશ્રીની ટીમ, કમિશ્નરશ્રીની ટીમ, કલેકટરશ્રીની ટીમ, પોલીસ કમિશનરશ્રીની ટીમ, સુરત શહેર પત્રકારસંઘની ટીમ, પ્રેસ કલબ ઓફ એસ.એમ.સીની ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર/ચેનલની ટીમ, મળી કુલ–૭ ટીમો વચ્ચ[ M.D.'S LANDMARK, શ્રી માધવજી પટેલના સૌજન્યથી "મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"નું આયોજન તા.૩ થી ૫ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળોએ ડીમોલીશનની કામગીરી પૂર્વ(વરાછા)ઝોન દ્વારા કરવામાં આવેલ

ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૪(મોટા વરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં. ૧૧૫ માં આવેલ સાકેત રો–હાઉસ ના પશ્ચિમ તરફ ના ભાગે રીઝર્વેશન હેઠળનો ફા.પ્લોટ નં. ૧૯૨(સેલેબલ ફોર રેસી.) સુચિત થયેલ છે. આ રીઝર્વેશન પ્લોટની આંશિક અસરમાં આવતાં સોસાયટીના સબ પ્લોટ નં. ૫૭ ના મિલકતદારે હયાત ગ્રા.ફલોર ઉપર પ્રથમ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેરમાં રાષ્ટ્રીય હાથીપગાની ઉજવણીમાં રૂબરૂમાં લોકોને ગળાવવામાં આવેલ DEC અને આલ્બેન્ડેઝોલ ની દવા :–

ભારત સરકાર દ્વારા ૨૦૧૫ માં હાથીપગાને દેશમાંથી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારના આદેશાનુસાર તમામ સુરત શહેરને તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૪ થી ૪ ફેબ્રુઆરી ૨૦૧૪ સુધી ફાઈલેરીયાની દવા રૂબરૂ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ હતું. જેના ભાગ રૂપે તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૪ થી ૪ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાંથી ૧૭૦૨ જેટલી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧, નોંધ નં.૧૮૦૦ પૈકી કોલીવાડ, તાકપુરા, નાનપુરા વાળી મિલ્કતમાં હયાત ભોંયતળીયા વત્તા એક માળ વાળી મિલ્કતની ઉપર ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "મેયરકપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"

સુરત મહાનગરપાલિકા દ્વારા મેયરશ્રીની ટીમ, કમિશ્નરશ્રીની ટીમ, કલેકટરશ્રીની ટીમ, પોલીસ કમિશનરશ્રીની ટીમ, સુરત શહેર પત્રકારસંઘની ટીમ, પ્રેસ કલબ ઓફ એસ.એમ.સીની ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર/ચેનલની ટીમ, મળી કુલ–૭ ટીમો વચ્ચે ાેઈમર્દૃકીબદમોબચછલ શ્રી માધવજી પટેલના સૌજન્યથી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સ્વચ્છ સુરત–સ્વસ્થ સુરત– હરિયાળુ સુરત

સેન્ટ્રલ ઝોન પ્રતાપ કહાર રોડ થી ખાખીબાવા મંદીર સુધી, બારાહાંડી મહોલ્લો, સૈફી મહોલ્લો, મટન માકેટથી આજુબાજુનો વિસ્તાર, સળીયાવાળી માર્કેટથી દાણાપીઠ બજાર ચાર રસ્તા સઘી, રૂદરપુરા કાદરશાની નાળ કન્ટેઈનરથી રૂદરપુરા વાહનડેપો થઈ લાપસીવાલા સ્કુલ સુધી,

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪" :–

સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાત રાજયની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચે તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ સુરત ખાતે કરવામાં આવેલ છે. જેનો શુભારંભ સમારોહ તા.૦૭/૦૨/૨૦૧૪ને શુક્રવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે લાલભાઈ કોન્ટ્રાકટર ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ – ૨૦૧૪" :–

સુરત મહાનગરપાલિકા દ્વારા મેયરશ્રીની ટીમ, કમિશનરશ્રીની ટીમ, કલેકટરશ્રીની ટીમ, પોલીસ કમિશનરશ્રીની ટીમ, સુરત શહેર પત્રકારસંઘની ટીમ, પ્રેસ કલબ ઓફ એસ.એમ.સીની ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર/ચેનલની ટીમ, મળી કુલ–૭ ટીમો વચ્ચે "મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"નું આયોજન તા.૩ થી ૫ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ મેદાન, ઉધના–મગદલ્લા રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ તા.૦૩/૦૨/૨૦૧૪ને સોમવારના રોજ સવારે ૮.૦૦ કલાકે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદહસ્તે કરવામાં આવનાર છે.

સદર ટુર્નામેન્ટમાં દરરોજ બે મેચો રમાનાર છે. પ્રથમ મેચ સવારે ૮.૦૦ કલાકે અને દ્વિતીય મેચ બપોરે ૧૨.૦૦ કલાકે યોજાશે. "મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"નો વિગવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

**<u>મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪નો કાર્યક્રમ</u>**

| તારીખ | સવારે ૮.૦૦ કલાકે | બપોરે ૧૨.૦૦ કલાકે |
|---|---|---|
| ૦૩/૦૨/૨૦૧૪ | મેયર ટીમ અક ફોટોગ્રાફર/ચેનલ ટીમ | કલેકટર ટીમ અક પત્રકાર સંઘ ટીમ |
| ૦૪/૦૨/૨૦૧૪ | એસ.એમ.સી. રિર્પોટર ટીમ અક પોલીસ કમિશનરની ટીમ | એસ.એમ.સી. કમિશ્નર ટીમ અક તા.૦૩/૦૨/૨૦૧૪ના રોજની બપોર મેચના વિજેતાટીમ |
| ૦૫/૦૨/૨૦૧૪ | તા.૦૩/૦૨/૨૦૧૪ની સવારની મેચના વિજેતા અક તા.૦૪/૦૨/૨૦૧૪ની સવારની મેચના વિજેતા | તા.૦૪/૦૨/૨૦૧૪ના રોજની બપોરની મેચની વિજેતાટીમ અક તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજની સવારની મેચની વિજેતાટીમ |

ઉપરોકત ટુર્નામેન્ટમાં M.D.'S LANDMARK, જુના પૂણા જકાતનાકા સામે, પૂણા–કડોદરા રોડ, સુરતના માલિકશ્રી માધવજી પટેલે પોતાનો સહકાર આપી સહયોગી તરીકે ટુર્નામેન્ટમાં ભાગીદાર થયેલ છે. દરેક ટીમના ખેલાડીઓને પોતાની મેચ મુજબ સમયસર ઉપસ્થિત રહેવા અને નિમંત્રિતોને આ ટુર્નામેન્ટ માણવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૧/૦૨/૨૦૧૪ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ડે.ઈજનેર તથા જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૨૫ (સીંગણપોર–ટુંકી) ફા.પ્લોટ નં.૫૪ થી નોંધાયેલ નવનાથ સોસાયટી, પ્લોટ નં.૨૯ થી ૩૨ માં આશરે ૫૬' × ૪૨' મી. માપ વિસ્તારમાં મંજુરી વિના શરૂ કરેલ બાંધકામ અત્રેથી વારંવાર અટકાવવામાં આવેલ. તેમ છતાં મિલ્કતદાર તરફથી બાંધકામ સતત ચાલુ રાખતા આજરોજ સદર ગ્રા.ફલોર + બે માળના આર.સી.સી. ચણતર વાળી મિલ્કતમાં ત્રીજા માળે સ્લેબ ભરવાને ઈરાદે શરૂ કરેલ આશરે ૨૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સ્લેબનું સેન્ટરીંગ /શટરીગ તથા બીજા માળે આશરે ૬૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરની દિવાલો તેમજ ત્રીજા માળે આર.સી.સી કોલમ નંગ ૫ (પાંચ) નું ડીમોલીશન કરી મિલ્કતદાર પાસેથી રૂા. ૨૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પુર્વ(વરાછા) ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૬ (કાપોદ્રા), દ.ગુ.વિજ.કું. પાસે રીઝર્વેશન હેઠળનો ફા. પ્લોટ નં. ૫૧ અને ૫૨ કેનાલ પૈકી સંપાદીત ફા. પ્લોટ નં. ૪૩ તથા ૧૨.૦૦ મી. રસ્તા ઉપર આવેલ જવાહરનગર ઝુંપડપટ્ટી શીફટીંગ બાબત :–

પુર્વ(વરાછા) ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૬ (કાપોદ્રા), દ.ગુ.વિજ.કું. પાસે રીઝર્વેશન હેઠળનો ફા. પ્લોટ નં. ૫૧ અને ૫૨ કેનાલ પૈકી સંપાદીત ફા. પ્લોટ નં.૪૩ તથા ૧૨.૦૦ મી. રસ્તા ઉપર આવેલ જવાહરનગર ઝુંપડપટ્ટીમાં ટી.પી. સ્કીમના અમલીકરણના ભાગરૂપે કુલ ૩૦ નંગ કાચા/પાકા ઝુંપડાઓનું ડીમોલીશન કરી સુરત મહાનગરપાલિકાની આશરે ૯૦૦૦.૦૦ ચો.ફુટ કિંમતી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. સમગ્ર કામગીરી એડી.સીટી ઈજનેર, કાર્યપાલક ઈજનેરશ્રી ની આગેવાની હેઠળ વરાછા ઝોનના સ્ટાફ મારફતે પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં ઝુંપડાવાસીઓનો સહકાર મળેલ છે. આગામી દિવસોમાં સદર કામગીરી ચાલુ રાખી સુરત મહાનગરપાલિકાની બાકી રહેલ જગ્યામાં આવેલ ઝુંપડાઓ/તબેલાઓ દુર કરી સુરત મહાનગરપાલિકાની માલીકી હેઠળની જગ્યા સંપૂર્ણપણે ખુલ્લી કરવામાં આવશે.

TOP

## "મેયરકપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪":–



સુરત મહાનગરપાલિકા દ્વારા મેયરશ્રીની ટીમ, કમિશનરશ્રીની ટીમ, કલેકટરશ્રીની ટીમ, પોલીસ કમિશનરશ્રીની ટીમ, સુરત શહેર પત્રકારસંઘની ટીમ, પ્રેસ કલબ ઓફ એસ.એમ.સીની ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર/ચેનલની ટીમ, મળી કુલ–૭ ટીમો વચ્ચે "મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪" નું આયોજન તા.૩ થી ૫ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ મેદાન, ઉધના–મગદલ્લા રોડ,સુરત ખાતે કરવામાં આવેલ છે. તા.૦૩/૦૨/૨૦૧૪ના રોજ સવારે કોહ પ્રેસ રીપોટર્સ ટીમ અને પોલીસ કીમશનર ટીમ વચ્ચેની મેચનો મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ ટોસ ઉછાળી શુભારંભ કરાવ્યો હતો. પોલીસ કમિશનર ટીમે ટોસ જીતી પ્રથમ ફીલ્ડીંગ પસંદ કરી કોહ પ્રેસ રીપોટર્સ ટીમને બેટીંગમાં ઉતારતાં રિપોટર્સ ટીમે ૨૦ ઓવરમાં નવ વિકેટના ભોગે ૪૩ રન કર્યા હતા. જેમાં શ્રી અમીત પટેલએ ૧૩ રન, શ્રી ચેતન શેઠ ૦૬ રન અને શ્રી અજીત રાંદેરીએ ૦૫ રન કર્યા હતા. તેની સામે પોલીસ કમિશનર ટીમે વિના વિકેટે ૪૪ રન કરી ૧૦ વિકેટે વિજય અંકે કર્યો હતો. આ મેચમાં મેન ઓફ ધ મેચ શ્રી નિલેશ ચૌધરી, બેસ્ટ બેસ્ટમેન શ્રી અમીત પટેલ, બેસ્ટ બોલર શ્રી અબ્દુલ રહેમાન અને બેસ્ટ ફિલ્ડર શ્રી અજીત રાંદેરીને ઘોષીત કરવામાં આવ્યા હતા.

ટુર્નામેન્ટની બીજી મેચ બપોરે ૧૨.૦૦ કલાકે સુરત શહેર પત્રકાર સંઘ ૨ને કલેકટર ટીમ વચ્ચે રમાઈ હતી. જેમાં કલેકટર ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી હતી. શ્રી કેતન પટેલએ ૨૧ બોલમાં ૧૩ રન , શ્રી પી.જી.પટેલએ ૧૫ બોલમાં ૧૩ રન અને શ્રી સુરેશ ચૌધરીએ ૯ બોલમાં ૧૧ રન સાથે કલેકટર ટીમ ૬૫ રનમાં ઓલ આઉટ થઈ હતી. સુરત શહેર પત્રકાર સંઘ ટીમ વતી બોલીંગ કરતા શ્રી સંજય મહંત ૨ ઓવરમાં ૬ રન, શ્રી મહેન્દ્ર પાટીલ ૨ ઓવરમાં ૯ રન તથા શ્રી કૌશીક બારોટે ૩ ઓવરમા ૧૦ રન આપી ત્રણેય બોલરોએ બે–બે વિકેટ ઝડપી હતી. તેની સામે સુરત શહેર પત્રકાર સંઘની ટીમે શ્રી સંજય મહંતના ૨૪ બોલમાં ૪૩ રન અને શ્રી વિનોદ જૈનના ૧૦ બોલમાં ૧૪ રન સાથે વિના વિકેટે ૬૯ રન કરી શાનદાર વિજય મેળવ્યો હતો. આ મેચમાં મેન ઓફ ધ મેચ શ્રી સંજય મહંત, બેસ્ટ બેસ્ટમેન શ્રી પી.જી.પટેલ, બેસ્ટ બોલર શ્રી કૌશીક બારોટ અને બેસ્ટ ફિલ્ડર શ્રી જયેશ બ્રહ્મભટ્ટને જાહેર કરવામાં આવ્યા હતા.

મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિ.કમિશનરશ્રી એમ.કે.દાસઆઈ.એ.એસ., વસર નર્મદ દ.ગુ.યુનિવર્સિટીના કુલપતિ ડો.દક્ષેશ ઠાકર, શાહક પક્ષ નેતાશ્રી આર.કે.લાઠીયા, ડે.પોલીસ કમિશનરશ્રી અનારવાલા, સાંસ્કૃતિક સમિતી અધ્યક્ષા કુ.સ્વાતીબેન સોસા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીગણ, પ્રીન્ટ અને ઈલેકટ્રોનીક મીડીયાના પ્રતિનિધીઓ તથા આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. આ ટુર્નામેન્ટમાં ેઈમર્ઈકીબદમોબચછલ જુના પૂણા જકાતનાકા સામે, પૂણા–કડોદરા રોડ, સુરતના માલિકશ્રી માધવજી પટેલએ પોતાનો સહકાર આપી સહયોગી તરીકે ટુર્નામેન્ટમાં ભાગીદાર થયેલ છે. હવે આવતી કાલ તા. ૦૪/૦૨/૨૦૧૪ ના રોજ સવારે મેયર્સ ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર/ચેનલ ટીમ વચ્ચે અને બપોરે ૧૨.૦૦ કલાકે મ્યુનિસિપલ કમિશનર ટીમ અને તા.૦૩/૦૨/૨૦૧૪ની બીજી મેચના વિજેતા થયેલ સુરત શહેર પત્રકાર સંઘની ટીમ વચ્ચે યોજાશે. દરેક ટીમના ખેલાડીઓને પોતાની મેચ મુજબ સમયસર ઉપસ્થિત રહેવા અને નિમંત્રિતો તથા જાહેરજનતાને આ ટુર્નામેન્ટ માણવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

TOP

## પૂર્વ(વરાછા) ઝોનની કામગીરી બાબતઃ–

પૂર્વ(વરાછા) ઝોનમાં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૧૨(પુણા)માં ભૈયાનગર નજીક લક્ષ્મીનગર સોસાયટી પાસેથી પસાર થતાં ૧૨.૦૦ મી.ના (બ્લોક નં. ૮૧૬ થી ૮૧૩)રસ્તાનો કબજો મેળવી ૪૧૩૦૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

સદર કામગીરી અત્રેની પૂર્વ (વરાછા)ઝોન કચેરીના એડી.સીટી. ઈજનેરશ્રીની સૂચના તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ અત્રેના શહેરી વિકાસ, દબાણ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## "મેયરકપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪" :–



સુરત મહાનગરપાલિકા દ્વારા મેયરશ્રીની ટીમ, કમિશ્નરશ્રીની ટીમ, કલેકટરશ્રીની ટીમ, પોલીસ કમિશનરશ્રીની ટીમ, સુરત શહેર પત્રકારસંઘની ટીમ, પ્રેસ કલબ ઓફ એસ.એમ.સીની ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર/ચેનલની ટીમ, મળી કુલ–૭ ટીમો વચ્ચે M.D.'S LANDMARK, શ્રી માધવજી પટેલના સૌજન્યથી "મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"નું આયોજન તા.૩ થી ૫ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ મેદાન, ઉધના–મગદલ્લા રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. તા.૦૪/૦૨/૨૦૧૪ના રોજ સવારે મેયર્સ ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર/ચેનલ ટીમ વચ્ચે મેચની શરૂઆત થઈ હતી. મેયર્સ ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લઈ ૨૦ ઓવરમાં છ વિકેટના ભોગે ૧૯૩ રન કર્યા હતા. જેમાં શ્રી સતીષ સી. પટેલએ ૫૬ રન નોટ આઉટ, શ્રી ભૂપેન્દ્ર રાઠોડે ૫૧ રન, યશોધર દેસાઈએ ૨૨ રન, મનોજ લોટવાલા ૧૫ રન કર્યા હતા. તેની સામે પ્રેસ ફોટોગ્રાફર/ચેનલ ટીમ ૭૭ રન બનાવી ઓલ આઉટ થઈ જતા મેયર્સ ટીમનો ૧૧૬ રને વિજય થયો હતો. આ મેચમાં મેન ઓફ ધ મેચ શ્રી ભૂપેન્દ્ર રાઠોડ, બેસ્ટ બેસ્ટમેન શ્રી સતીષ સી. પટેલ, બેસ્ટ બોલર શ્રી મનોજ લોટવાલા અને બેસ્ટ ફિલ્ડર શ્રી સતીષ કે. પટેલને ઘોષીત કરવામાં આવ્યા હતા.

ટુર્નામેન્ટની બીજી મેચ બપોરે ૧૨.૩૦ કલાકે મ્યુનિસિપલ કમિશનર ટીમ અને તા. ૦૩/૦૨/૨૦૧૪ની બીજી મેચના વિજેતા થયેલ સુરત શહેર પત્રકાર સંઘની ટીમ વચ્ચે રમાઈ હતી. જેમાં સુરત શહેર પત્રકાર સંઘે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી ૨૦ ઓવરમાં પાંચ વિકેટના ભોગે ૯૮ રન કર્યા હતા. શ્રી જયેશ બ્રહ્મભટ્ટએ ૨૭, સંજય મહંત ૧૮ રન, શ્રી હર્ષ સોલંકીએ ૧૨ રન કર્યા હતા. જેના જવાબમાં મ્યુનિસિપલ કમિશનર ટીમે વિના વિકેટે ૧૦૦ રન બનાવી ૧૦ વિકેટે વિજય મેળવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. જેમાં શ્રી નરેશ પરમાર ૫૯ રન, શ્રી એસ.સી વસાવા ૩૪ રન મુખ્ય હતા. આ મેચમાં મેન ઓફ ધ મેચ શ્રી એસ.સી. વસાવા, બેસ્ટ બેસ્ટમેન શ્રી જયેશ બ્રહ્મભટ્ટ, બેસ્ટ બોલર શ્રી એસ.સી.વસાવા અને બેસ્ટ ફિલ્ડર શ્રી વિનોદ જૈનને જાહેર કરવામાં આવ્યા હતા.

મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મા. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, ડે. મેયરશ્રી દયાશંકર સિંગ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટીના કુલપતિ ડો. દક્ષેશ ઠાકર, શાશક પક્ષ નેતાશ્રી આર.કે. લાઠીયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ. સ્વાતીબેન સોસા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, ૅઈમર્દૃકીબદમોબચછ ના શ્રી માધવજી પટેલ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીગણ, પ્રીન્ટ અને ઈલેકટ્રોનીક મીડીયાના પ્રતિનિધીઓ તથા આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. હવે આવતી કાલ તા. ૦૫/૦૨/૨૦૧૪ના રોજ સવારે મેયર્સ ટીમ અને પોલીસ કમિશનર ટીમ વચ્ચે અને ફાઈનલ મેચ બપોરે ૧૨.૩૦ કલાકે મ્યુનિસિપલ કમિશનર ટીમ અને તા.૦૫/૦૨/૨૦૧૪ની સવારની મેચના વિજેતા થનાર ટીમ વચ્ચે યોજાશે. દરેક ટીમના ખેલાડીઓને પોતાની મેચ મુજબ સમયસર ઉપસ્થિત રહેવા અને નિમંત્રિતો તથા જાહેરજનતાને આ ટુર્નામેન્ટ માણવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

TOP

## પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળોએ ડીમોલીશનની કામગીરી પૂર્વ(વરાછા)ઝોન દ્વારા કરવામાં આવેલઃ–

(૧) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૪(મોટા વરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં. ૧૧૫ માં આવેલ સાકેત રો–હાઉસ ના પશ્ચિમ તરફ ના ભાગે રીઝર્વેશન હેઠળનો ફા.પ્લોટ નં. ૧૯૨(સેલેબલ ફોર રેસી.) સુચિત થયેલ છે. આ રીઝર્વેશન પ્લોટની આંશિક અસરમાં આવતાં સોસાયટીના સબ પ્લોટ નં. ૫૭ ના મિલકતદારે હયાત ગ્રા.ફલોર ઉપર પ્રથમ તથા બીજા માળનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ. જે અન્વયે આજરોજ રીઝર્વેશનની અસરમાં આવતા આશરે ૩૫૦.૦૦ ચો.ફુટનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૨) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૫(મોટા વરાછા), ફા.પ્લોટ નં. ૮ડી તથા ૧૨ માં આવેલ ભકિતનંદ સોસાયટી સેકટર–૪ ના સબ પ્લોટ નં. ૧૦૦,૧૦૧ તથા ૧૦૫ ના મિલકતદારોએ મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ ટી.પી. રસ્તા તરફના ભાગે ગ્રા.ફલોર પર દુકાનો બનાવવાના ઈરાદે શટર બેસાડેલ જે અન્વયે આજરોજ કુલ–૫ શટર દુર કરી આશરે ૩૦૦.૦૦ ચો.ફુટનું દુકાનોનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ.

TOP

## સુરત શહેરમાં રાષ્ટ્રીય હાથીપગાની ઉજવણીમાં રૂબરૂમાં લોકોને ગળાવવામાં આવેલ DEC અને આલ્બેન્ડેઝોલ ની દવા :–

ભારત સરકાર દ્વારા ૨૦૧૫ માં હાથીપગાને દેશમાંથી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારના આદેશાનુસાર તમામ સુરત શહેરને તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૪ થી ૪ ફેબ્રુઆરી ૨૦૧૪ સુધી ફાઈલેરીયાની દવા રૂબરૂ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ હતું. જેના ભાગ રૂપે તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૪ થી ૪ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાંથી ૧૭૦૨ જેટલી ટીમો રૂબરૂ હાથીપગાની દવા ગળાવવા માટે કાર્યરત કરવામાં આવેલ હતી. દરેક ઝોનમાં આ પ્રમાણે લોકોને રૂબરૂ હાથીપગાની દવા ગળાવવામાં આવેલ છે. સેન્ટ્રલ ઝોન–૩,૯૯,૩૧૮, વેસ્ટ ઝોન–૪,૩૭,૫૬૦, સાઉથ ઝોન–૯,૦૭,૬૨૨, સાઉથ–ઈસ્ટ ઝોન–૭,૭૬,૪૬૭, સાઉથ–વેસ્ટ ઝોન–૩,૪૨,૯૩૩, નોર્થ ઝોન–૮,૧૫,૮૫૨ અને ઈસ્ટ ઝોન–૧૧,૧૬,૯૩૦ લોકોએ રૂબરૂમાં હાથીપગાની દવા લીધેલ છે. આમ સુરત શહેરની કુલ ૪૯,૬૫,૯૦૨ વસ્તીમાથી ૪૭,૯૬,૬૮૨ આવરી લેવામાં આવેલ હતી, જેમાંથી લોકોને કુલ ૧,૩૨,૩૫,૭૨૦ ડી.ઈ.સી. અને ૪૭,૯૬,૬૮૨ આલ્બેન્ડેઝોલ ફાઈલેરીયાની દવાઓ ગળાવીને છ દિવસમાં શહેરનાં ૧૦૩. ૨૧% એલીજીબલ લોકોને ગળાવીને સફળતા પ્રાપ્ત થયેલ છે.

તમામ કાર્યક્રમનું આયોજન મ્યુનિ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ડો.હેમંત દેસાઈ અને ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવના ટેકનીકલ માર્ગદર્શન હેઠળ મોનીટરીંગ અને ઈમ્પલીમેન્ટેશન કરવામાં આવેલ હતું. શહેરના તમામ લોકોએ રૂબરૂમાં દવા ગળીને હાથીપગાને સુરત શહેરમાંથી નાબૂદ કરવા માટે સ્વયંભૂ સાથ–સહકાર આપેલ હતો.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧, નોંધ નં.૧૮૦૦ પૈકી કોલીવાડ, તાકપુરા, નાનપુરા વાળી મિલ્કતમાં હયાત ભોંયતળીયા વત્તા એક માળ વાળી મિલ્કતની ઉપર હિત ધરાવનારાઓ શ્રી સૈયદ સરફરાઝ સૈયદ હફીઝ કાદરી તથા બીજાઓ ધ્વારા બીજો માળ બનાવવાના ઈરાદાથી બાંધકામ કરેલ હોવાનું જણાતા, અત્રેથી તા.૨૧/૦૧/૧૪ના રોજ બીજા માળનું આશરે ૭૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ સેન્ટ્રીગ શટરીંગ તથા આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે. તેમજ  દંડકીય વહીવટી ચાર્જ પેટે રૂા.૬,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ત્યાર બાદ પણ મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી ૩૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સહિતનું બાંધકામ કરી દેવામાં આવેલ, જે આજ રોજ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે.

TOP

## "મેયરકપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪" :–





સુરત મહાનગરપાલિકા દ્વારા મેયરશ્રીની ટીમ, કમિશનરશ્રીની ટીમ, કલેકટરશ્રીની ટીમ, પોલીસ કમિશનરશ્રીની ટીમ, સુરત શહેર પત્રકારસંઘની ટીમ, પ્રેસ કલબ ઓફ એસ.એમ.સીની ટીમ અને પ્રેસ ફોટોગ્રાફર/ચેનલની ટીમ, મળી કુલ–૭ ટીમો વચ્ચે M.D.'SLANDMARK, શ્રી માધવજી પટેલના સૌજન્યથી "મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪"નું આયોજન તા.૩ થી ૫ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ મેદાન, ઉધના–મગદલ્લા રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ સવારે મેયર્સ ટીમ અને પોલીસ કમિશનર ટીમ વચ્ચે મેચ રમાઈ હતી. મેયર્સ ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લઈ ૨૦ ઓવરમાં ૭ વિકેટના ભોગે ૭૮ રન કર્યા હતા. જેમાં શ્રી યશોધર દેસાઈ ૨૦ રન અને શ્રી સતીષભાઈ સી. પટેલના ૧૯ રન મુખ્ય હતા. તેની સામે પોલીસ કમિશનર ટીમે ૧૩ ઓવરમાં ૨ વિકેટે લક્ષ્યાંક સર કરી ૮ વિકેટે વિજય પ્રાપ્ત કર્યો હતો. આ મેચમાં મેન ઓફ ધ મેચ શ્રી દિપક ગામીત, બેસ્ટ બેસ્ટમેન શ્રી યશોધર દેસાઈ, બેસ્ટ બોલર શ્રી કલ્પેશ ચૌહાણ અને બેસ્ટ ફિલ્ડર શ્રી વિજયભાઈ માસ્તર ઘોષીત થયા હતા.

ટુર્નામેન્ટની ફાઈનલ મેચ બપોરે ૧૨.૩૦ કલાકે મ્યુનિસિપલ કમિશનર ટીમ અને પોલીસ કમિશનર ટીમ વચ્ચે રમાઈ હતી. જેમાં મ્યુનિસિપલ કમિશનર ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી ૨૦ ઓવરમાં સાત વિકેટના ભોગે ૧૫૭ રન કર્યા હતા. જેમાં શ્રી જીતેન્દ્ર પરમારના ૪૪ બોલમાં ૫૮ રન, શ્રી નરેશ પરમારના ૧૮ બોલમાં ૨૩ રન અને યોગેશ એમ.પટેલના ૨૧ બોલમાં ૨૨ રન મુખ્ય હતા. પોલીસ કમિશનર ટીમ વતી કલ્પેશ ચૌહાણે ૨૦ રન, શ્રી નિલેશ ચૌધરીએ ૩૩ રન અને શ્રી જયેશ વાઘેલાએ ૨૮ રન આપી ૨–૨ વિકેટો ઝડપી હતી. જેના જવાબમાં પોલીસ કમિશનર ટીમે ૭૪ રનમાં ઓલઆઉટ થતાં મ્યુનિસિપલ કમિશનર ટીમે ૭૩ રને વિજય મેળવી ચેમ્પીયનશીપ મેળવી હતી. જયારે પોલીસ કમિશનર ટીમ રનર્સઅપ રહી હતી. પોલીસ કમિશનર ટીમ વતી શ્રી યોગેશ પટેલે ૧૪ રન, શ્રી જયેશ વાઘેલાએ ૧૨ રન કર્યા હતા. મ્યુનિસિપલ કમિશનર ટીમ વતી શ્રી નરેશ ઝેડ પરમારે ૧૦ રન આપી ૩ વિકેટ ઝડપી અને શ્રી એસ. સી. વસાવાએ ૬ રન આપી ૨ વિકેટ ઝડપી હતી. આ મેચમાં મેન ઓફ ધ મેચ શ્રી નરેશ પરમાર, બેસ્ટ બેસ્ટમેન શ્રી જીતેન્દ્ર પરમાર, બેસ્ટ બોલર શ્રી સતીષભાઈ વસાવા અને બેસ્ટ ફિલ્ડર શ્રી કલ્પેશ ચૌહાણને જયારે મન ઓફ ધી સીરીઝ શ્રી નરેશ પરમારને જાહેર કરવામાં આવ્યા હતા

મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪ના ઈનામ વિતરણ સમારોહમાં ઉપસ્થિત મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટીના કુલપતિ ડો.દક્ષેશ ઠાકર, ડે.પોલીસ કમિશનરશ્રી અનારવાલા, સાંસ્કૃતિક સમિતી અધ્યક્ષા કુ.સ્વાતીબેન સોસા, M.D.'S LANDMARKના શ્રી માધવજી પટેલ, મ્યુનિસિપલ સભ્યશ્રી ડો. જગદીશભાઈ પટેલ, શ્રીમતી ગીતાબેન પટેલના હસ્તે ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. તથા ટુનામેન્ટને નિહાળવા અધિકારીગણ, પ્રીન્ટ અને ઈલેકટ્રોનીક મીડીયાના પ્રતિનિધીઓ તથા આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

TOP

## સ્વચ્છ સુરત–સ્વસ્થ સુરત– હરિયાળુ સુરત :–
## તા.૫–૨–૧૪નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૩૦ |
| ૧ | ડે. ઈજનેર | ૩ |
| ૨ | મુખ્ય આરોગ્ય નિરીક્ષક | ૧૮ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૯ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૨ |
| ૫ | ટેકનીકલ આસી. | ૭ |
| ૬ | વાયરમેન | ૬ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૬૧ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૫ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૨૧ |
| ૧૦ | કડીયા | ૦ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | |
| ૧૧ અ | આરોગ્ય વિભાગ | ૫૨૪ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૭૬ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૩ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૫૨.૯૩ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૦ |
| ૧૩ બ | લારી | ૪ |
| ૧૩ ક | ગલ્લા | ૦ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૩૪ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | ૯૩ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૨૧૭૫૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૧૦ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૧૫૦૦ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૮ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૪ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૫૧ |
| | વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | |
| ૨૦ | કુલ ઘર સર્વે | ૩૧૪૧ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૬૯૧૫ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૧૪ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૧૬ |
| ૨૪ અ | એનો. | ૪ |

| | | |
|---|---|---|
| ૨૪ બ | એડીસ | ૯ |
| ૨૪ ક | કયુલેકસ | ૧ |
| ૨૪ ડ | મિશ્ર | ૨ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૧૫૯ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૭ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૦ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૪૨ |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૫૮૬૦૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૨૧૪ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા. | ૧૧.૭ |
| ૩૨ | અખાદ્ય પ્રદાથોનો નાશ કી.ગ્રા. | ૪૯.૩ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૧ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૧ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૧ |

| **સફાઈ ઝુંબેશનો વિસ્તાર :—** | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | પ્રતાપ કહાર રોડ થી ખાખીબાવા મંદીર સુધી, બારાહાંડી મહોલ્લો, સૈફી મહોલ્લો, મટન માકેટથી આજુબાજુનો વિસ્તાર, સળીયાવાળી માર્કેટથી દાણાપીઠ બજાર ચાર રસ્તા સઘી, રૂદરપુરા કાદરશાની નાળ કન્ટેઈનરથી રૂદરપુરા વાહનડેપો થઈ લાપસીવાલા સ્કુલ સુઘી, રાધાકિષ્ણા મદીરથી રામપુરા પોલીસ લાઈન, અશકતાશ્રમ હોસ્પીટલ, દાતણીયાવાડ, પટેલવાડી જાહેર જાજરૂથી શ્રી રામ વેલ્ડીગ |
| વરાછા ઝોન | : | નાના વરાછા મનમોહક આઈસ્કીમ ચારરસ્તાથી વર્ણીરાજ રેસીડન્સી સુઘીનો બંન્ને બાજુનો વિસ્તાર, સીમાડા પંપીગથી ખાડીપુલ સુઘીનો બંને બાજુનો વિસ્તાર, ભગવાન નગર ચાર રસ્તા, નટરવર નગર બીઆરટીએસ બાજુમાં અમીદીપ હોન્ડા, રણછોડ નગર સોસાયટી, ભગવાન નગર, સાંઈબાબા મંદીર સામેનો રોડ, શ્રધ્ધા રો હાઉસ, ખાડી પુલ |
| રાંદેર ઝોન | : | પાલગામ વોર્ડ ઓફીસના કાર્યક્ષેત્રમાં ખુરાર્પા, પોલીસ ચોકીથી રાજહંસ કોમ્પલેક્ષ, કિરણ મોટર્સથી ઓડીટોરીયમ રોડ, પાલ આરટીઓ ઓફીસથી પાલ પાટીયા મેઈનરોડ |
| કતારગામ ઝોન | : | કોસાડ આવાસ એચ—૨, એચ—૩ મેઈનરોડનાં તમામ ખાંચા તથા મુખ્ય રસ્તાની સફાઈ |
| ઉધના ઝોન | : | શાંતાનગર તથા રણછોડનગર, બમરોલી |
| અઠવા ઝોન | : | ચીકુવાડી રોડ, કેનાલ રોડ, સાંઈ આશીષ રોડ |
| લીંબાયત ઝોન | : | ૧૪/બી ઉમરવાડા—૧ વોર્ડ |

TOP

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪" :–

સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાત રાજયની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચે તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ સુરત ખાતે કરવામાં આવેલ છે. જેનો શુભારંભ સમારોહ તા.૦૭/૦૨/૨૦૧૪ને શુક્રવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ, સુરત–ડુમસ રોડ, સુરત ખાતે શ્રીમતી આનંદીબેન પટેલ, માનનીય મંત્રીશ્રી, મહેસુલ, દુષ્કાળ–રાહત, જમીન સુધારણા, પુનઃનિર્માણ, માર્ગ મકાન, પાટનગર યોજના, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ, ગુજરાત રાજયના વરદ્‌હસ્તે, માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષપણા હેઠળ યોજાનાર છે. સદર ટુર્નામેન્ટમાં દરરોજ બે મેચો રમાનાર છે. પ્રથમ મેચ દરરોજ બપોરે ૩.૩૦ કલાકે કમિશનરશ્રીની ટીમો વચ્ચે અને દ્વિતીય મેચ રાત્રે ૭.૩૦ કલાકે મેયર્સશ્રીની ટીમો વચ્ચે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

**દરરોજ રમાનાર ક્રિકેટ ટુર્નામેન્ટનું સમયપત્રક**

| તારીખ | કમિશ્નર ટીમ ચેમ્પીયનશીપ | મેયર ટીમ ચેમ્પીયનશીપ |
|---|---|---|
| ૦૭/૦૨/૨૦૧૪ | ગાંધીનગર અક રાજકોટ | રાજકોટ અક ભાવનગર |
| ૦૮/૦૨/૨૦૧૪ | સુરત અક ભાવનગર | વડોદરા અક જુનાગઢ |
| ૦૯/૦૨/૨૦૧૪ | જામનગર અક અમદાવાદ | સુરત અક ગાંધીનગર |
| ૧૦/૦૨/૨૦૧૪ | વડોદરા અક જુનાગઢ | અમદાવાદ અક જામનગર |
| ૧૧/૦૨/૨૦૧૪ | તા.૭ અને ૮ના વિજેતા | તા.૭ અને ૯ના વિજેતા |
| ૧૨/૦૨/૨૦૧૪ | તા.૯ અને ૧૦ના વિજેતા | તા.૮ અને ૧૦ના વિજેતા |
| ૧૩/૦૨/૨૦૧૪ | ફાયનલ મેચ | |

TOP